પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૬૫ | ૭ ડિસેમ્બર, ૨૦૨૨, બુધવાર; માગશર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભારતનો જીડીપી વિશ્વમાં સૌથી ઝડપી રહેશે

**વર્લ્ડ બેંકે તેના ઈન્ડિયા ડેવલપમેન્ટ અપડેટ અહેવાલમાં જાણકારી આપી : સ્વિટ્ઝર્લેન્ડની બ્રોકરેજ કંપની યુબીએસ ઇન્ડિયાએ પણ ૨૦૨૨-૨૩માં ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૬.૯ ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો**

નવી દિલ્હી, તા.૬

બાહ્ય વાતાવરણની ખરાબ પરિસ્થિતિ વચ્ચે ભારતના નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં વાસ્તવિક કુલ સ્થાનિક ઉત્પાદન(જીડીપી) વૃદ્ધિમાં વધારાની ધારણા છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં જીડીપી વૃદ્ધિ દર વધીને ૬.૯% થવાનો અંદાજ છે. વર્લ્ડ બેંકે તેના ઈન્ડિયા ડેવલપમેન્ટ અપડેટ અહેવાલમાં આ જાણકારી આપી છે. આ અંદાજ ૨૦૨૧-૨૨ માટે ૮.૭% ની સરખામણીમાં ખુબ ઓછો માનવામાં આવી રહ્યો છે. અગાઉ, સ્વિટ્ઝર્લેન્ડની બ્રોકરેજ કંપની યુબીએસ ઈન્ડિયાએ પણ ૨૦૨૨-૨૩માં ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૬.૯ ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો.

ઓગસ્ટે તાનો કૌમે, હાલ વિશ્વબેંકના એક અધિકારી છે તેમણે કહ્યું કે, ભારત ખૂબ મહત્વાકાંક્ષી છે. સરકારે અર્થવ્યવસ્થાને સ્થિતિસ્થાપક બનાવવા માટે ઘણી વસ્તુઓ કરી છે અને અર્થતંત્રને ગતિશીલ બનાવવા માટે ઘણા પ્રયત્નો કરી રહી છે. વધતી જતી મોંઘવારી પર અંકુશ મેળવવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સહિત વિશ્વભરની કેન્દ્રીય બેંકો તેમના વ્યાજ દરોમાં સતત વધારો કરી રહ્યા છે. જેની સીધી અસર દેશના કુલ સ્થાનિક ઉત્પાદન પર પડે છે. આ ઉપરાંત ચીનમાં કોરોના લોકડાઉનને કારણે, સમગ્ર વિશ્વની સપ્લાય ચેઈન પર ખરાબ અસર થઈ છે. આવી સ્થિતિમાં સમગ્ર વિશ્વમાં મંદીનો ભય વધી ગયો છે. કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી)એ દેશમાં એક વર્ષમાં ઉત્પાદિત તમામ માલસામાન અને સેવાઓનું કુલ મૂલ્ય છે. જીડીપી આર્થિક પ્રવૃત્તિનું સ્તર દર્શાવે છે અને તે દર્શાવે છે કે કયા ક્ષેત્રોમાં વૃદ્ધિ અથવા ઘટાડો થયો છે. ભારત સરકારના આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જીડીપીનો અંદાજ છે.

## બીએસએફે પાકિસ્તાની ડ્રોન તોડી પાડ્યું

ચંદીગઢ, તા.૬

પાકિસ્તાન પોતાની નાપાક હરકતોથી બાજ નથી આવી રહ્યું. પંજાબને અડીને આવેલી ભારત-પાકિસ્તાન બોર્ડર પર પાકિસ્તાન સતત ડ્રોન દ્વારા હેરોઈન અને હથિયારોના કન્સાઈનમેન્ટને ભારતમાં ઘુસાડવાના પ્રયાસો કરી રહ્યું છે. આ દરમિયાન ભારતીય સુરક્ષા એજન્સીઓ એટલે કે બીએસએફએ ફરી એકવાર પાકિસ્તાન તરફથી ડ્રગ્સ લઈને આવી રહેલું ડ્રોન તોડી પાડ્યું છે જેમાં મોટી માત્રામાં હેરોઈનના પેકેટ મળી આવ્યા છે.

તરનતારન સેક્ટર પાસે મંગળવારે સવારે બીએસએફ દ્વારા પાકિસ્તાન તરફથી આવતા ડ્રોનને તોડી પાડવામાં આવ્યું હતું.

# આજથી સંસદનું શિયાળુ સત્ર

**સંસદનું શિયાળુ સત્ર તોફાની રહેશે : સંસદના શિયાળુ સત્ર પહેલા કોંગ્રેસે મહત્વની બેઠક બોલાવી હતી, બેઠકની અધ્યક્ષતા સોનિયા ગાંધી અને ખડગેએ કરી હતી : શિયાળુ સત્ર ૨૯ ડિસેમ્બર સુધી ચાલશે**



નવી દિલ્હી, તા.૫

સંસદનું શિયાળુ સત્ર આવતીકાલ એટલે ૭ ડિસેમ્બરથી શરૂ થશે અને ૨૯ ડિસેમ્બર સુધી ચાલશે. આ દરમિયાન ૧૭ બેઠકો થશે. સંસદના શિયાળુ સત્રનો પ્રથમ દિવસ દિલ્હી સ્ક્રઈ ચૂંટણીના પરિણામો સાથે શરૂ થશે અને બીજા દિવસે ગુજરાત અને હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થશે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે સત્રના પ્રથમ બે દિવસમાં ચૂંટણી પરિણામોનું વર્ચસ્વ રહેશે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા મંગળવારે કાર્ય મંત્રણા સમિતિની બેઠક યોજશે. ગયા અઠવાડિયે જ સરકારે શિયાળુ સત્ર દરમિયાન રજૂ થનાર ૧૬ ધારાસભ્યોની યાદી બહાર પાડી હતી. સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ લોકસભા અને રાજ્યસભામાં વિવિધ પક્ષોના નેતાઓને શિયાળુ સત્ર પહેલા સર્વપક્ષીય બેઠકમાં હાજરી આપવાનું આમંત્રણ મોકલ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે બંને ગૃહોના ઘણા નેતાઓ પણ આ બેઠકમાં હાજરી આપે તેવી શક્યતા છે. આવતીકાલે શરૂ થતા શિયાળુ સત્ર પહેલા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે સરકારે લોકસભા અને રાજ્યસભામાં વિવિધ રાજકીય પક્ષોના ગૃહ નેતાઓને આમંત્રણ મોકલ્યું છે. સંસદના શિયાળુ સત્ર પહેલા ગત શનિવારે કોંગ્રેસે મહત્વની બેઠક બોલાવી હતી. આ બેઠકની અધ્યક્ષતા કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કરી હતી. એક કલાકથી વધુ ચાલેલી આ બેઠકમાં કોંગ્રેસે સંસદમાં મોંઘવારી, સરહદ પર તણાવ, બેરોજગારી જેવા મહત્વના મુદ્દા ઉઠાવવાનું નક્કી કર્યું હતું. એવી અપેક્ષા છે કે મુખ્ય વિપક્ષ કોંગ્રેસ

● અનુસંધાન પાન-૭ પર

## વિદેશી એજન્સીઓ પ્રતિબંધ વિના ભારતીય સંસ્થાઓને દાન આપી શકશે

નવી દિલ્હી, તા.૬

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૧૧૭ યુએન એજન્સીઓ અને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને કડક ફોરેન કોન્ટ્રીબ્યુશન એક્ટ, ૨૦૧૦ના દાયરામાંથી બહાર કાઢ્યા છે. મતલબ કે હવે આ એજન્સીઓ અને સંસ્થાઓ કોઈપણ પ્રતિબંધ વિના ભારતીય સંસ્થાઓને દાન આપી શકશે. વિદેશમાંથી દાન મેળવતી ભારતીય સંસ્થાઓએ એફસીઆરએ હેઠળ ફરજિયાતપણે નોંધણી કરાવવી જરૂરી છે. ઉપરાંત, વિદેશમાંથી નાણાં મેળવવા માટે, તેઓએ નવી દિલ્હીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની નિયુક્ત શાખામાં પણ ખાતું ખોલાવવું પડશે.

# સંસદના સત્ર પહેલાં સર્વપક્ષીય બેઠક યોજાઈ

**સંસદમાં ઈડબલ્યુએસ-બેકારી, મોંઘવારી સહિતના મુદ્દા પર ચર્ચાની વિપક્ષની માગ : ટીએમસીના નેતા ડેરેક ઓ બ્રાયને મોંઘવારી, બેરોજગારી, એજન્સીઓના કથિત દુરુપયોગ અને રાજ્યોની આર્થિક નાકાબંધી પર ચર્ચાની માગ કરી**



નવી દિલ્હી, તા.૬

બુધવાર એટલે કે ૭ ડિસેમ્બરથી યોજાનાર સંસદના શિયાળુ સત્ર પહેલા કેન્દ્ર સરકારે આજે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. આ બેઠકમાં રક્ષામંત્રી અને બીજેપી સાંસદ રાજનાથ સિંહ, સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશી, ટીએમસી સાંસદ ડેરેક ઓ બ્રાયન સહિત ઘણા વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. સરકારનું પ્રતિનિધિત્વ કેન્દ્રીય મંત્રી અને લોકસભામાં ભાજપના ઉપનેતા રાજનાથ સિંહ અને રાજ્યસભામાં ગૃહના નેતા પીયૂષ ગોયલ દ્વારા કરવામાં આવ્યું હતું.બેઠક દરમિયાન, કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ માત્ર એક દિવસમાં ચૂંટણી કમિશનરની નિમણૂક, ઈડબલ્યુએસ ક્વોટા અને બેરોજગારી પર ચર્ચાની

● અનુસંધાન પાન-૭ પર

# કોલમ્બિયામાં ભૂસ્ખલન : ૩૦થી વધુનાં મોત

**અનેક ઘાયલ, સર્ચ ઓપરેશન ચાલુ, મોતનો આંકડો વધે તેવી શક્યતા : અધિકારીઓના જણાવ્યા અનુસાર તેમાં લગભગ ૨૫ મુસાફરો સવાર હતા અને અકસ્માતમાં બચી ગયેલા એક વ્યક્તિએ જણાવ્યું કે જ્યારે કાટમાળ નીચે આવી રહ્યો હતો**





નવી દિલ્હી,તા.૬

કોલંબિયાના રિસારાલ્ડા પ્રાંતમાં વરસાદના કારણે ભૂસ્ખલનની ઘટના બની છે અને એ ભૂસ્ખલનને કારણે એક બસ અને અન્ય વાહનો તેમાં દટાઈ ગયાનું સામે આવ્યું છે. મળતી જાણકારી અનુસાર તેમાં ઓછામાં ઓછા ૩૩ લોકોના મોત થયા છે. સાથે જ કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રોએ આ ઘટના પર શોક વ્યક્ત કરતાં કહ્યું હતું કે સરકાર આ મુશ્કેલ સમયમાં પીડિત પરિવારોની સાથે છે. કોલંબિયાના ગૃહ પ્રધાન અલ્ફોન્સો પ્રાડાએ આ ઘટના વિશે કહ્યું હતું કે 'આ ઘટનાથી અમે બધા ખૂબ જ દુઃખી છીએ અને અત્યાર સુધીમાં અમને ૩ સગીર સહિત ૩૩ મૃતદેહ મળ્યા છે. આ સિવાય ૯ લોકોને જીવતા બચાવી લેવામાં આવ્યા છે, જેમાંથી ચારની હાલત ગંભીર છે. કોલંબિયાની રાજધાની બોગોટાથી લગભગ ૨૩૦ કિમી દૂર કોફી ઉત્પાદન માટે પ્રખ્યાત કોલંબિયાના પર્વતીય પ્રદેશમાં પ્યુબ્લો રિકો અને સાન્ટા સેસિલિયા ગામો વચ્ચે મુસાફરી કરતાં સમયે રવિવારે ભૂસ્ખલનમાં એક બસ સહિત અનેક વાહનો દટાયા હતા.

ભૂસ્ખલનમાં દટાયેલી બસ કોલંબિયાના ત્રીજા સૌથી મોટા શહેર કૈલી અને કોન્ડાટો નગર પાલિકાના વચ્ચેના રસ્તા પર હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર તેમાં લગભગ ૨૫ મુસાફરો સવાર હતા અને અકસ્માતમાં બચી ગયેલા એક વ્યક્તિએ જણાવ્યું કે જ્યારે કાટમાળ નીચે આવી રહ્યો હતો ત્યારે ડ્રાઈવરે બસને બચાવવાનો ઘણો પ્રયાસ કર્યા હતા બસ અને તેનાથી થોડી પાછળ હતી. રેડિયો સ્ટેશન સાથે વાત કરતા વ્યક્તિએ જણાવ્યું કે જ્યારે અકસ્માત થયો ત્યારે પણ ડ્રાઈવર બસને પાછળ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જણાવી દઈએ કે આ ઘટનામાં ઘાયલ ૫ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. કોલંબિયાના નેશનલ યુનિટ ફોર ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટએ અનુમાન લગાવ્યું છે કે ઓગસ્ટ ૨૦૨૧ થી આ વર્ષના નવેમ્બર વચ્ચે, લા નીના ક્ષેત્રમાં ઈમરજન્સી ઘટનાઓથી આશરે ૨૭૧ લોકોના મોત થયા છે.

# જુનિયર કોમનવેલ્થ ચેમ્પિયનશિપમાં કૃતિ રાજને ૬ ગોલ્ડ મેડલ જીત્યા

**જમીન ગીરવે મુકીને દીકરી કૃતિ રાજને મોકલી ઓકલેન્ડ : હાલમાં તે લક્ષ્મીબાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન ગુવાહાટીમાંથી BP.Ed. કરી રહી છે**

નવી દિલ્હી, તા.૫

ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં ૨૮ અને ૨૯ નવેમ્બરે યોજાયેલી જુનિયર કોમનવેલ્થ ચેમ્પિયનશિપમાં બિહારની



રાજધાની પટનાની પુત્રી કૃતિ રાજ સિંહે દેશનું નામ રોશન કર્યું છે. ન્યૂઝીલેન્ડમાં યોજાયેલી સબ-જુનિયર પાવરલિફ્ટિંગ કોમનવેલ્થ ચેમ્પિયનશિપમાં કૃતિએ છ ગોલ્ડ મેડલ જીત્યા છે. તેની જીતથી દેશના સન્માનમાં વધારો થયો છે. આ સ્પર્ધામાં વિજય નોંધાવીને કૃતિ રાજ પટના પહોંચી હતી. આજે જ્યારે કૃતિ રાજ સિંહ મેડલ જીતીને પોતાની ઘરે પરત ફરી ત્યારે તેના પિતાની આંખો ખુશીથી ચમકી ઉઠી હતી. તેનું કહેવું છે કે, તેમણે પોતાની દીકરીને આ ચેમ્પિયનશિપમાં મોકલવા માટે પોતાની જમીન ગીરવે મૂકી હતી. પાંચ બહેનોમાં કૃતિ સૌથી નાની છે. ત્રણ ભાઈઓ ભણી રહ્યા છે. કૃતિએ ૧૦મું ધોરણ ઈન્ફન્ટ જીસસ એકેડમી ખુસરુપુરમાંથી પાસ કર્યું છે. પછી બીડી પબ્લિક કોલેજમાંથી તેણે ઈન્ટરમીડિયેટનો અભ્યાસ કર્યો છે.

હાલમાં તે લક્ષ્મીબાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન ગુવાહાટીમાંથી BPEd કરી રહી છે. પટના એરપોર્ટ પર કૃતિના પરિવાર સહિત લોકોની ભારે ભીડ એકઠી થઈ હતી. લોકોએ કૃતિનું ભવ્ય સ્વાગત કર્યું હતું. કૃતિ રાજ એક ખેડૂતની દીકરી છે. પિતા લલન સિંહ અને માતા સુનૈના દેવીએ કૃતિનું મોં મીઠુ કરાવ્યું હતું.

## ડ્રગ્સની હેરાફેરીમાં મોટા માછલા પર કાર્યવાહી કરવા સીતારમણની સલાહ

**મહેસૂલ ગુપ્તચર અધિકારીઓએ દરેક કેસને વહેલામાં વહેલી તકે તેના તાર્કિક નિષ્કર્ષ પર લાવવાનો પ્રયાસ કરવો જોઈએઃ સીતારમણ**

નવી દિલ્હી, તા.૬

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે અમલીકરણ એજન્સીઓને ડ્રગની હેરાફેરીમાં સામેલ 'મોટી માછલીઓ' પર કાર્યવાહી કરવા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, દેશમાં ગેરકાયદે ડ્રગ્સનો 'પર્વત' કોણ મોકલી રહ્યું છે તે શોધવાની જરૂર છે. સીતારમણ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)ના ૬૫માં સ્થાપના દિવસને સંબોધિત કરી રહ્યા હતા. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, મહેસૂલ ગુપ્તચર અધિકારીઓએ દરેક કેસને વહેલામાં વહેલી તકે તેના તાર્કિક નિષ્કર્ષ પર લાવવાનો પ્રયાસ કરવો જોઈએ. દાણચોરો ચોક્કસપણે કેટલીક કડીઓ અથવા મોડસ ઓપરેન્ડી છોડી દે છે, જેના દ્વારા મુખ્ય કિંગપીનને શોધી શકાય છે. દેશમાં કોકેઈનની જપ્તીમાં ૩,૪૭૯ ટકાનો વધારો થયો છે. ડીઆરઆઈના જણાવ્યા અનુસાર, છેલ્લા નાણાકીય વર્ષમાં એટલે કે ૨૦૨૧-૨૨માં દેશમાં માદક દ્રવ્યોની જપ્તીમાં મોટો વધારો થયો છે.

# ૫૭ કાશ્મીરી હિન્દુઓને મારી નાખવાની આતંકી સંગઠનની ખુલ્લેઆમ ધમકી

**વડાપ્રધાન પુનર્વાસ પેકેજ હેઠળ કાશ્મીર ખીણમાં શિક્ષકો તરીકે કામ કરતા પંડિતોની હત્યાની ધમકી, પોલીસે નવી એસઓપી જારી કરી**

જમ્મુ, તા.૬

કાશ્મીરી પંડિતો ફરી એકવાર મુશ્કેલીમાં જોવા મળી રહ્યા છે. હકીકતમાં, આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાને ઘાટીમાં કામ કરતા કાશ્મીરી પંડિતોની યાદી મળી હતી. કાશ્મીર ફાઈટ બ્લોગ, પાકિસ્તાનના નવા આતંકવાદી સંગઠન 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ'ના મુખપત્ર, જે લશ્કર સાથે સંકળાયેલ છે, તેણે ૫૭ કાશ્મીરી હિન્દુઓને મારી નાખવાની ખુલ્લેઆમ ધમકી આપી છે જેઓ વડાપ્રધાન પુનર્વાસ પેકેજ (પીએમઆરપી) હેઠળ કાશ્મીર ખીણમાં શિક્ષકો તરીકે કામ કરી રહ્યા છે.

કાશ્મીર લડાઈના બ્લોગની આ ધમકી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. ધમકીમાં કહેવામાં આવ્યું છે કે તેની પાસે ૫૭ કાશ્મીરી પંડિતોની હિટલિસ્ટ છે. બ્લોગમાં સંપૂર્ણ યાદી જાહેર કરતાં ટીઆરએફએ કહ્યું છે કે તેમને ગંભીર પરિણામો ભોગવવા પડશે. કાશ્મીરી પંડિતો માટે ૧૯ જગ્યાએ ૬,૦૦૦ ફ્લેટ બનાવવામાં આવી રહ્યા છે તે સ્વીકાર્ય નથી. સાથે જ ચેતવણી આપી છે કે બિન-કાશ્મીરીઓની હિટલિસ્ટ પણ ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

**રોયલ બંગલો ભાડે / વેચાણ**

7B 2H 2KSs સાથે
પર્સનલ લીફ્ટ,
૪ સાઈડ ઓપન,
ગ્રાઉન્ડ + બે માળ, કુડાસણ

સંપર્ક : ૯૬૩૮૧૪૫૧૪૫